# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 11.03.2026** **MORNING: 7.45 TO 7.55**
**Day: WEDNESDAY** **National News**

આકાશવાણી સમાચાર **કરણ મકવાણા** વાંચે છે.

****************************************************

1) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે કેરલમ અને તમિલનાડુની મુલાકાતે – અનેક વિકાસ પ્રોજેક્ટનું ઉદ્ઘાટન અને શિલાન્યાસ કરશે

2) લોકસભામાં આજે અધ્યક્ષ ઓમ બિરલાને પદ પરથી દૂર કરવાની ચર્ચા યથાવત.

3) દેશમાં ઘરેલુ ગ્રાહકો માટે ઊર્જા પુરવઠાની કોઈ અછત ન હોવાની સરકારે ખાતરી આપી

4) વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકરે ઈરાનના વિદેશ મંત્રી સાથે પ્રવર્તમાન પરિસ્થિતિ અંગે ચર્ચા કરી

5) પશ્ચિમ એશિયામાં ચાલી રહેલા સંઘર્ષને કારણે હોર્મુઝની સામુદ્રધુની માં વાણિજ્યિક જહાજોનું આવાગમન બંધ થયુ

6) FIH મહિલા હોકી વિશ્વ કપ 2026 ક્વોલિફાયર્સમાં, ભારત આજે અંતિમ પૂલ B મેચમાં વેલ્સ સામે ટકરાશે

.......................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ એક વાગીને 20 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# PM- KERALAM TN VISIT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે કેરલમ અને તમિલનાડુની મુલાકાત લેશે. પ્રધાનમંત્રી આજે બપોરે કેરલમના એર્નાકુલમમાં 10 હજાર 800 કરોડ રુપિયાના અનેક વિકાસલક્ષી પ્રોજેક્ટ્સનું ઉદ્ઘાટન અને શિલાન્યાસ કરશે. તેઓ આએ પ્રંસગે સભાને પણ સંબોધિત કરશે. પ્રધાનમંત્રી કોચી રિફાઇનરીમાં 5 હજાર 500 કરોડ રૂપિયાના રોકાણ સાથે પોલીપ્રોપીલીન એકમનો શિલાન્યાસ કરશે. 400 કિલો ટનની વાર્ષિક ક્ષમતા ધરાવતું આ એકમ દેશની સ્થાનિક પોલિમર ઉત્પાદન ક્ષમતાને મજબૂત બનાવશે. પ્રધાનમંત્રી થલપ્પડી અને ચેંગાલા વચ્ચેના રાષ્ટ્રીય ધોરીમાર્ગના છ લેનિંગ અને કોઝિકોડ બાયપાસનું ઉદ્ઘાટન પણ કરશે.

પ્રધાનમંત્રી તમિલનાડુના તિરુચિરાપલ્લીમાં 5 હજાર 600 કરોડ રૂપિયાથી વધુના પ્રોજેક્ટ્સ રાષ્ટ્રને સમર્પિત કરશે. જેમાં પેટ્રોલિયમ અને કુદરતી ગેસ માળખાગત સુવિધાઓ , ગ્રામીણ જોડાણ અને રાજમાર્ગ વિકાસ જેવા મુખ્ય ક્ષેત્રોને આવરી લેવાશે.

સાંભળીએ એક અહેવાલ

V/c – રીટા દવે

*(પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી પાંચ નવી ટ્રેન સેવાઓને પણ લીલી ઝંડી આપશે.જેમાં બે અમૃત ભારત એક્સપ્રેસ, બે એક્સપ્રેસ ટ્રેન અને એક પેસેન્જર ટ્રેન સેવાનો સમાવેશ થાય છે. નાગરકોઇલ-ચાર્લપલ્લી અમૃત ભારત એક્સપ્રેસ દક્ષિણ તમિલનાડુ અને તેલંગાણા વચ્ચે જોડાણમાં સુધારો કરશે. પોદાનુર-ધનબાદ અમૃત ભારત એક્સપ્રેસ દક્ષિણ ભારત અને પૂર્વ ભારતના ખનિજ અને ઔદ્યોગિક પટ્ટા વચ્ચે રેલ જોડાણને મજબૂત બનાવશે.આ ઉપરાંત અન્ય ત્રણ ટ્રેન સેવાઓ જે શરૂ કરવામાં આવશે. જે આ ક્ષેત્રમાં રેલ જોડાણ વધારવાની સાથે પ્રાદેશિક આર્થિક વિકાસને પણ ટેકો આપશે.)*

# LOK SABHA-RESOLUTION

લોકસભામાં આજે અધ્યક્ષ ઓમ બિરલાને પદ પરથી હટાવવાના ઠરાવ પર ચર્ચા ફરી શરૂ થશે. ગઈકાલે , કોંગ્રેસના સાંસદ ડૉ. મોહમ્મદ જાવેદ દ્વારા ગૃહમાં આ પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો હતો. તેમણે આરોપ લગાવ્યો કે અધ્યક્ષ ઓમ બિરલાએ વિપક્ષી નેતાઓને ગૃહમાં તેમના મંતવ્યો રજૂ કરવાની મંજૂરી આપી ન હતી અને વિપક્ષની મહિલા સાંસદો પર ગેરવાજબી આરોપો લગાવ્યા હતા. શ્રી જાવેદે એવો પણ આરોપ લગાવ્યો કે શ્રી બિરલા ગૃહના તમામ વર્ગોનો વિશ્વાસ જીતવા માટે જરૂરી નિષ્પક્ષતા જાળવવામાં નિષ્ફળ ગયા.

આ ઠરાવનો વિરોધ કરતા સંસદીય બાબતોના મંત્રી કિરેન રિજિજુએ કહ્યું કે, અધ્યક્ષ ઓમ બિરલાએ ગૃહનું કામકાજ નિષ્પક્ષ રીતે ચલાવ્યું. તેમણે કહ્યું કે , વિપક્ષો ફક્ત પોતાના રાજકીય હિતોને પૂર્ણ કરવા માટે અધ્યક્ષ વિરુદ્ધ આ ઠરાવ લાવ્યા છે. શિવસેનાના ડૉ. શ્રીકાંત એકનાથ શિંદે , એલજેપી (આર)ના ચિરાગ પાસવાનએ ઠરાવનો વિરોધ કર્યો અને ગૃહને ખોરવવા બદલ વિપક્ષની ટીકા કરી.

# GOVT LPG

સરકારે ખાતરી આપી છે કે દેશમાં ઘરેલુ ગ્રાહકો માટે ઊર્જા પુરવઠાની કોઈ અછત નથી. દેશના ઘરેલુ ગ્રાહકોને સસ્તી ઊર્જાનો અવિરત પુરવઠો સુનિશ્ચિત કરવા સરકાર પ્રતિબદ્ધ છે. એક સોશિયલ મીડિયા પોસ્ટમાં , પેટ્રોલિયમ અને

કુદરતી ગેસ મંત્રી હરદીપ સિંહ પુરીએ કહ્યું કે ભારતની ઊર્જા આયાત વિવિધ સ્ત્રોતો અને માર્ગો પરથી સતત આવી રહી છે.

VC –ADITYA

# JAISHANKAR-TALKS-TO-FMs

વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકરે ગઈકાલે ઈરાનના વિદેશ મંત્રી સૈયદ અબ્બાસ અરાઘચી સાથે પશ્ચિમ એશિયામાં ચાલી રહેલા સંઘર્ષ અંગે વિગતવાર ચર્ચા કરી. ઈરાન અને અમેરિકા -ઇઝરાયેલના સંયુક્ત દળો વચ્ચે સંઘર્ષ શરૂ થયા પછી આ તેમની ત્રીજી ટેલિફોનિક વાતચીત હતી.

ડૉ. જયશંકરે તેમના જર્મન સમકક્ષ જોહાન વાડેફુલ અને દક્ષિણ કોરિયાના વિદેશ મંત્રી ચો હ્યુન સાથે પણ વાત કરી હતી અને પશ્ચિમ એશિયાની પરિસ્થિતિ પર ચર્ચા કરી.

શ્રી ચો હ્યુને સોશિયલ મીડિયા પર જણાવ્યું કે ભારત અને દક્ષિણ કોરિયાના નાગરિકોની સલામતી સુનિશ્ચિત કરવાના પગલાં પર સતત સંપર્કમાં રહેવા બંને દેશો સંમત થયા છે.

# HORMUZ-MARITIME-STANDOFF

પશ્ચિમ એશિયામાં ચાલી રહેલા સંઘર્ષને કારણે હોર્મુઝની સામુદ્રધુની દ્વારા વાણિજ્યિક જહાજોનું આવાગમન બંધ થયું છે. આ માર્ગ પર શિપિંગમાં 80 ટકાથી વધુ ઘટાડો થયો છે. અંદાજે 16 અબજ લિટર તેલ વહન કરતા આશરે 150 ટેન્કર, સામુદ્રધુનીની બહાર દરિયામાં લાંગરવામાં આવ્યા છે. સામુદ્રધુનીની નજીક દસ વાણિજ્યિક જહાજો પર શેલ અથવા ડ્રોન દ્વારા હુમલો કરવામાં આવ્યો હોવાના અહેવાલ છે.

આ દરમ્યાન ફ્રાન્સે યુરોપિયન નૌકાદળ પહેલ શરૂ કરી છે. રાષ્ટ્રપતિ ઇમેન્યુઅલ મેક્રોને જળમાર્ગમાં વાણિજ્યિક શિપિંગને સુરક્ષિત રાખવા માટે ગઠબંધનની જાહેરાત કરી છે. ફ્રાન્સે આ કામગીરી માટે તેના મુખ્ય વિમાનવાહક જહાજ, ચાર્લ્સ ડી ગૌલને તૈનાત કર્યા છે.

# TRUMP-IRAN

અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યું , હોર્મુઝ સ્ટ્રેટમાં ઈરાનની કાર્યવાહીના અહેવાલો બાદ અમેરિકન સૈન્યએ ઈરાનના 10 જહાજોને સંપૂર્ણપણે નષ્ટ કર્યા છે. સોશિયલ મીડિયા પોસ્ટમાં તેમણે જણાવ્યું , આ અંગે હજી વધુ કાર્યવાહી કરાશે. ઈરાન દ્વારા વિશ્વના સૌથી મહત્વપૂર્ણ તેલ પરિવહન કોરિડોરમાંના એકમાં બારૂદી સુરંગ નાખવાનો પ્રયાસ કરાઇ રહ્યો હોવાના અહેવાલ સમયે આ દાવો કરાયો છે.

**અમેરિકાએ જણાવ્યું કે ઈરાન વિરુદ્ધ સૈન્ય કાર્યવાહીની શરૂઆતથી અત્યાર સુધી 140 સૈનિકો ઇજાગ્રસ્ત થયા છે.**

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો.

આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . . .

# WEST ASIA-PUTIN

**રશિયાના રાષ્ટ્રપ્રમુખ વ્લાદિમીર પુતિને મધ્ય પૂર્વ સંઘર્ષને શક્ય તેટલી વહેલી તકે ઘટાડવા અને રાજકીય માધ્યમથી તેના સમાધાનની તરફેણમાં રશિયાની પ્રતિબદ્ધતાની પુનઃપુષ્ટિ કરી છે. તેમણે ઈરાનના રાષ્ટ્રપ્રમુખ મસૂદ પેઝેશ્કિયાન સાથે ફોન પર વાતચીત દરમિયાન આ વાત કહી.**

**બંને નેતાઓએ વર્તમાન પરિસ્થિતિ અંગે ચર્ચા કરી. દરમિયાન , રાષ્ટ્રપતિ પેઝેશ્કિયાને ચાલુ કટોકટી વચ્ચે ઈરાનને માનવતાવાદી સહાય સહિત તેના સમર્થન માટે રશિયાનો આભાર વ્યક્ત કર્યો.**

# MORN. MoCA- STATEMENT

નાગરિક ઉડ્ડયન મંત્રાલય પશ્ચિમ એશિયાની વર્તમાન પરિસ્થિતિને લઈને ભારતની હવાઈ સેવા પર તેની સંભવિત અસરો પર નજીકથી નજર રાખી રહ્યું છે.

એક નિવેદનમાં, મંત્રાલયે જણાવ્યું કે, એરલાઇન્સ બદલાતી પરિસ્થિતિના પ્રતિભાવમાં યોગ્ય સંચાલન વ્યવસ્થા કરી રહી છે, જેમાં મુસાફરોની સલામતી અને સેવાઓનું સાતત્ય પ્રાથમિકતા રહેશે. ભારતીય કેરિયર્સ દ્વારા સંચાલિત 45 ઉડાન પશ્ચિમ એશિયાથી ભારતમાં આવી , જેનો લાભ 7 હજાર 400 થી વધુ મુસાફરોએ લીધો છે.

પ્રસ્તુત છે એક અહેવાલ

VC - PRACHI

# MORN. JOSHI- SOLAR IRIGATION

નવી અને નવીનીકરણીય ઉર્જા મંત્રી પ્રહલાદ જોશીએ જણાવ્યું છે કે છેલ્લા દાયકામાં બિન-અશ્મિભૂત સ્ત્રોતોમાંથી દેશની સ્થાપિત વીજળી ક્ષમતા 81 ગીગાવોટથી વધીને 275 ગીગાવોટ થઈ છે. ગઈકાલે નવી દિલ્હીમાં ચોથી રાષ્ટ્રીય કૃષિ- નવીનીકરણીય ઉર્જા શિખર બેઠકને સંબોધતા , શ્રી જોશીએ કહ્યું કે સૌર સિંચાઈ ભારતના કૃષિ અને ઉર્જા ક્ષેત્રોમાં પરિવર્તન લાવવાની ક્ષમતા ધરાવે છે.

કૃષિ અને ઘરગથ્થુ ક્ષેત્રોમાં સૌર ઉર્જાનો વિસ્તાર કરવાના હેતુથી સરકારી યોજનાઓ પર પ્રકાશ પાડતા , શ્રી જોશીએ કહ્યું કે , PM-KUSUM યોજના હેઠળ, 10 લાખથી વધુ એકલ સૌર કૃષિ પંપ સ્થાપિત કરાયા છે, જ્યારે 13 લાખથી વધુ ગ્રીડ-કનેક્ટેડ પંપને દેશભરમાં સૌર ઉર્જાથી સજ્જ કરાયા છે. તેમણે કહ્યું કે , PM સૂર્ય ઘર: મફત વીજળી યોજના હેઠળ , 31 લાખથી વધુ ઘરોને છત પર સૌર સ્થાપનોનો લાભ મળ્યો છે. શ્રી જોશીએ જણાવ્યું કે, ઊર્જા, પર્યાવરણ અને પાણી પરિષદના અહેવાલ મુજબ , ભારત 2040 સુધીમાં અન્ય વિકસિત દેશોની ઊર્જા માંગને વટાવી શકે છે.

## FIH HOCKEY

FIH મહિલા હોકી વિશ્વ કપ 2026 ક્વોલિફાયર્સમાં, ભારત આજે અંતિમ પૂલ B મેચમાં વેલ્સ સામે ટકરાશે. આ મેચ આજે સાંજે સાડા સાત વાગ્યે હૈદરાબાદમાં રમાશે.

## SWISS-OPEN-BADMINTON

સ્વિસ ઓપન બેડમિન્ટન 2026માં, એચએસ પ્રણોય અને કિદામ્બી શ્રીકાંત આજે પુરુષોની સિંગલ્સમાં રમશે. પ્રણોય જાપાનના કોકી વાતાનાબે સામે જ્યારે શ્રીકાંત હોંગકોંગના જેસન ગુનાવાન સામે ટકરાશે. બીજી તરફ કિરણ જ્યોર્જ સિંગાપોરના લોહ કીન યૂ સામે અને આયુષ શેટ્ટી કેનેડાના બ્રાયન યાંગ સામે

રમશે. ભારતની અન્ય મહિલા દાવેદારોમાં , ઉન્નતિ હુડા આજે રાત્રે ચાઇનીઝ તાઈપેઈની ચિઉ પિન-ચિયાન સામે ટકરાશે. માલવિકા બંસોડ આવતીકાલે થાઇલેન્ડની પોર્નપાવી ચોચુવોંગ સામે તેની શરૂઆતની મેચ રમશે.

. . . . . . . . . . . . . . .

અને હવે આજના અખબારોનાં મુખ્ય સમાચાર રજૂ કરે છે રીટા દવે

- દેશમાં ગેસ પુરવઠા અંગે કેન્દ્ર સરકારે લીધેલ પગલાઓના સમાચારને આજના મુખ્ય અખબારોએ પ્રથમ પાને સ્થાન આપ્યું છે.
- સંદેશ લખે છે, LPG મુદ્દે સરકાર એક્શનમાં, ESMA લાગુ.
- ગુજરાત સમાચારે લખ્યું છે-ઈન્ડસ્ટ્રી બાદ હવે હૉટલ ઉદ્યોગ પર ગૅસ અછતનું સંકટ સર્જાયું.આ અંગે દિવ્યભાસ્કરે ટાંક્યું છે કે યુદ્ધની અસર- LPG પુરવઠો 30 ટકા ઘટ્યો, LPG-CNG અને પાઈપ્ડ કુકીંગ ગૅસની પૂર્ણ આપૂર્તિ મળશે.
- દેશ-વિદેશનાં સમાચારોમાં દિવ્ય ભાસ્કર લખે છે, પુતિન સાથે વાતચીત પછી ટ્રમ્પની જાહેરાત-ઈરાન યુદ્ધ લગભગ સમાપ્ત, ઈરાને કહ્યું- અમે નક્કી કરીશું.
- રમતગમતના સમાચારો હેઠળ ગુજરાત સમાચાર લખે છે, આગામી આઈપીએલની સિઝનમાં મેથ્યુ હેડનની ગુજરાત ટાઈટન્સનાં બેટિંગ કૉચ તરીકે નિમણૂંક.
- રાજ્યમાં હવામાન વિભાગે જાહેર કરેલ ઓરેન્જ એલર્ટના સમાચારને મુખ્ય અખબારોએ સ્થાન આપ્યું છે.